ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ઠંડા પવનોના પગલે ઠંડીનો કહેર જારી

## શહેરમાં સતત ત્રીજા દિવસે કોલ્ડવેવ : પારો ૮ ડિગ્રી : કાતિલ ઠંડીની જનજીવન પર ઘેરી અસર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં સતત ત્રણ દિવસથી ઠંડીનો કહેર જારી રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૮ ડિ.સે. નોંધાયુ છે. સાથે જ ઠંડા પવનો ખુબ ફુંકાતા વસાહતીઓ રીતસર ધ્રુજી ઉઠ્યા છે. આકરી ઠંડીએ આ વર્ષે જાણે રીતસર કહેર મચાવ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી કાતિલ ઠંડી પડી રહી છે. ઘરમાંથી બહાર નીકળવુ મુશ્કેલ બની રહે તેવી ઠંડી પડી રહી છે. બારી-બારણાંઓની તિરાડોને પણ બંધ કરવી પડે છે. કડકડતી ઠંડીમાં વહેલી સવારે અને સાંજે તો ધાબળાની બહાર નીકળવુ પણ મુશ્કેલ બને છે. બબ્બે સ્વેટર અને શાલ પહેરીને ફરીએ ત્યારે માંડ ઠંડીથી થોડીક રાહત મળે છે. છેલ્લા સતત બે દિવસથી લઘુત્તમ તાપમાન ૭.૫ ડિ.સે. નોંધાયુ હતુ. જેમાં આજે અડધો ડિગ્રીનો વધારો થયો હતો પરંતુ આ અડધો ડિગ્રીનો વધારો જરાય રાહત આપનારો રહ્યો ન હતો. લઘુત્તમ તાપમાન નજીવુ વધ્યુ હતુ પરંતુ પવનની ગતિ ખૂબ રહેતા વસાહતીઓ રીતસર ધ્રુજી ઉઠ્યા હતા. ધાબળાં સ્વેટરના સાથે જ ઠંડીમાં રાહત મેળવવા હવે ઘરમાં જ સગડી કે ઈલેક્ટ્રીક હિટરનો ઉપયોગ કરવો પડે છે. વડીલો અને નાના બાળકોની હાલત વધુ કફોડી બની છે.

સાંજ પછી તો શહેરમાં એટલી બધી ઠંડી વધી જાય છે કે મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર સાવ ઓછી થઈ જાય છે. એમાંય દ્વીચક્રી વાહનોની અવરજવર તો નહીવત જોવા મળે છે. તીવ્ર ઠંડીની અસર જનજીવન પર ખૂબ જોવા મળી રહી છે. શાકમાર્કેટમાં સાંજ પડતા ભીડ ઓછી થઈ જાય છે તો ગ્રાહકોની ઓછી અવરજવરના કારણે બજારો અને સેક્ટરોમાં આવેલા શોપીંગ સેન્ટરો પણ વહેલા બંધ થઈ જાય છે. હવામાન ખાતાએ હજુ બે દિવસ કોલ્ડવેવ જારી રહેવાની આગાહી કરી છે. પવનની ગતિ પણ ૧૫ થી ૨૦ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે. બે-ત્રણ દિવસ બાદ ઠંડીમાં સહેજ રાહત મળી શકે છે.



# ઘ-માર્ગ પર અન્ડર પાસ ૩૧ જાન્યુઆરી સુધીમાં તૈયાર થઈ જશે

## લાંબા સમયના ડાયવર્ઝનમાંથી વાહનચાલકોને મુકિત મળશે : અન્ડર પાસના નિર્માણ બાદ મુખ્યમાર્ગ પર ટ્રાફિક ધમધમતો થશે : અન્ડર પાસના લીધે ટ્રાફિકનો સિનારિયો પણ બદલાશે

ગાંધીનગર તા ૩૦

શહેરમાં છેલ્લા એક વર્ષથી હાથ ધરાયેલી અન્ડર પાસની કામગીરી આગામી જાન્યુઆરી મહીનાના અંત સુધીમાં પુર્ણ થઈ જશે. છેલ્લા ૧૦ મહીનાથી અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી નગરના મુખ્ય ઘ માર્ગ પર ડાયવર્ઝન અપાયુ છે. જયારે કોરોના કાળમાં અન્ડ પાસની કામગીરી મંદ પડી ગઈ હતી જો કે ત્યારબાદ તેજ ગતિએ કામ હાથ ધરવામાં આવતા આગામી ૩૧ જાન્યુઆરી સુધીમાં અન્ડર પાસનુ કામ પુર્ણ થઈ જશે. નગરના મુખ્ય ઘ માર્ગ પર ટ્રાફિકનો ધમધમાટ યથાવત થઈ જશે. હાલ લાંબા સમયથી આ માર્ગ પર ડાયવર્ઝન અપાયુ છે. ત્યારે અન્ડરપાસની કામગીરી બાદ બાકી રહેતા પાર્કનુ કામ પણ હાથ ધરવામાં આવશે.

શહેરના ઘ માર્ગ પર છેલ્લા એક વર્ષથી અન્ડર પાસના નિર્માણનુ કામ ચાલી રહ્યુ છે. જેના લીધે હાલ ઘ માર્ગ પર ટ્રાફિકનો સિનારિયો બદલાયો છે. અન્ડર પાસના નિર્માણની કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે. અન્ડર પાસ તૈયાર થયા બાદ સ્વર્ણિમ પાર્કનુ પણ કામ હાથ ધરાશે. અલબત્ત અન્ડર પાસ પરથી પાર્કનુ બાકી કામ પણ પુર્ણ કરાશે. શહેરમાં ઘ અને ગ માર્ગ પર અન્ડર પાસ બનાવવા માટે અંદાજિત રૂ ૬૯ કરોડનો ખર્ચ નિયત કરાયો છે. જયારે ઘ માર્ગના અન્ડર પાસનુ કામ પણ પુર્ણતાના આરે છે. જો કે અન્ડર પાસનુ કામ શરૂ કરાયા બાદ કોરોનાની મહામારીએ દસ્તક દેતા કામગીરી થોડી ધીમી પડી ગઈ હતી કોરોનાના લોકડાઉનના સમયમાં મોટાભાગના કામો ઠપ્પ થઈ ગયા હતા જેના લીધે વિકાસના પ્રોજેકટો નિયત સમય મર્યાદામાં પુર્ણ કરવાનુ પણ અઘરુ બન્યુ છે. જયારે અન્ડર પાસનુ કામ પણ થોડા સમય સુધી બંધ રહ્યુ હતુ. અન્ડરપાસની કામગીરી શરૂ કરી ત્યારથી અત્યાર સુધી ટ્રાફિકથી ધમધમતા મુખ્ય ઘ માર્ગ પર વાહનોની અવરજવર કરવા માટે ડાયવર્ઝન અપાયુ છે.

● અનુસંધાન પાન-૫ પર

# નવા સચિવાલયના ગેટ નં -૩ થી જ-માર્ગ આસપાસ વનતંત્ર ફેન્સીંગ બનાવશે

## વી આઇ પી મહાનુભાવોની અવરજવરને અનુલક્ષી ફેન્સીંગ કરાશે નીલગાયનો ત્રાસ પણ વધુ હોવાથી સલામતી માટે ફેન્સીંગ કરવાનુ આયોજન : કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૦ લાખનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૩૦

શહેરના નવા સચિવાલયના ગેટ નં -૩ થી જ માર્ગ આસપાસ રખડતી નીલગાયનો ત્રાસ વધી ગયો છે. જયારે આ માર્ગ પર વારંવાર વી આઈ પી મહાનુભાવોની અવરજવર પણ રહે છે. જેના લીધે અકસ્માત થવાનો ભય પણ છે. આવા સંજોગોમાં નીલગાયના ત્રાસથી બચવા માટે વનતંત્ર દ્વારા માર્ગની બન્ને બાજુએ ફેન્સીંગ કરવા માટે આયોજન કર્યુ છે. ટુંકમાં જ ફેન્સીંગનુ કામ શરૂ કરી દેવાશે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી નીલગાયનો ત્રાસ વધી ગયો છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચેના માર્ગ પર પણ અચાનક જ નીલગાય દોડી જતા અકસ્માતો સર્જાય છે. જયારે ગાંધીનગરના સેકટરોમાં પણ નીલગાયની સંખ્યા વધુ હોવાથી ગમે ત્યારે રસ્તા પર નીલગાય દોટ મુકે છે. આવા સંજોગોમાં વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાય છે. શહેરીજનોને નીલગાયના ત્રાસમાંથી ઉગારવા માટે વનતંત્ર દ્વારા પણ હજુ સુધી નક્કર આયોજન થઈ શક્યુ નથી. જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ નીલગાય રખડતી જોવા મળે છે. અગાઉ મુખ્યમંત્રીના કાફલાને પણ નીલગાય નડતા અકસ્માત સર્જાવાની સ્થિતિ ઉભી થઈ હોવાના દ્રશ્યો પણ નજરે ચઢયા હતા જયારે નીલગાયના ત્રાસને અનુલક્ષી વનતંત્ર દ્વારા ફેન્સીંગ પણ કરવામાં આવે છે. જેને અનુલક્ષીને વનતંત્ર દ્વારા સચિવાલયના ગેટ ન-૩ થી જ માર્ગને અનુલક્ષીને ફેન્સીંગનુ કામ કરવાનુ આયોજન કરાયુ છે. આ માર્ગ પર વી આઈ પી મહાનુભાવોની અવરજવર વિશેષ રહે છે. જેના લીધે નીલગાય અકસ્માતનુ કારણ ન બને તેને ધ્યાનમાં રાખી વનતંત્ર દ્વારા ટુંકમાં ફેન્સીંગનુ કામ હાથ ધરાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૦ લાખનો ખર્ચ કરાશે.

# જિલ્લામાં સતત બીજે દિવસે ૨૪ કેસ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના નવા ૨૪ કેસ નોંધાયા છે. સારવાર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના એક દર્દીનું મોત નીપજ્યુ છે. આજે શહેર અને જિલ્લામાં કોરોનાના ૧૨-૧૨ કેસ નોંધાયા છે.

જિલ્લામાં આજે પણ કોરોનાના કેસોના ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહ્યો છે. સતત બીજા દિવસે કોરોનાના ૨૪ કેસ નોંધાયા છે. આજે પણ સંક્રમિત થનાર દર્દીઓ કરતાં રિકવર થઈ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધુ છે. આજે ૩૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૨ કેસમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આજે નોંધાયેલા ૧૨ કેસમાં પાંચ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. યુવાનો અને આધેડવયના લોકો સંક્રમિત થઈ રહ્યા છે જેણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં આજે કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા છે જ્યારે કલોલમાં ૧ કેસ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી આજે બે, ઝુંડાલમાંથી ૨ અને સરગાસણમાંથી બે કેસ મળવા ઉપરાંત રાયસણમાંથી ૩ કેસ તેમજ નવા પાલજ અને પેથાપુરમાંથી કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાને કાબુમાં લેવામાં તંત્ર નિષ્ફળ પુરવાર થઈ રહ્યુ છે તંત્રએ શોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ ક્વોરોન્ટાઈન ગાઈડલાઈનના અમલીકરણમાં કડકાઈ રાખવા માટે તંત્રને તાકીદ કરી છે.

કલોલમાં અર્બન-૨ વિસ્તારમાંથી ૨૫ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે ૧૦૮ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ૭૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૬૪૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૬૭૯ લોકો કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્ય વિસ્તારના એક દર્દીનું મૃત્યુ થયુ છે પરંતુ જિલ્લાતંત્રએ તેની યાદીમાં આ અંગે મૌન સેવ્યુ છે.

### ગાંધીનગરમાં ૧૧ કેસ સહિત ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૨ કેસ નોંધાયા : સે. ૨૧ અને સે. ૧ માં બે-બે કેસ સહિત કુલ ૧૨ નવા કેસ : ૩૯ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૧૨ કેસ નોંધાયા છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી રહેલા છુટા છવાયા કેસોથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામ ઉપરાંત ૯ સેક્ટરોમાંથી કેસો મળી આવ્યા છે. આજે શહેરમાં નોંધાયેલા કેસોમાં ૬ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. સે. ૨૧માં આજે એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયુ છે. શહેરમાં નોંધાયેલા દર્દીઓમાં એક જ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આજે સંક્રમિત થનારાઓમાં બેંક ઓફ ઈન્ડિયાની કર્મયોગીની, રક્ષાશક્તિ યુનિ.ની કર્મયોગીની, સેક્શન ઓફિસર, આર.ટી.ઓ.ના એજન્ટ તેમજ શિક્ષકનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૧ અને સે. ૧ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૩, ૪, ૨૩, ૨૪, ૧૩, ૧૭, ૨૬ તેમજ ઈન્દ્રોડા ગામેથી કેસો મળી આવેલ છે. શહેરમાં આજે ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૧૬૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# ઉત્તર ગુજરાતમાં ૨જી-૩જી જાન્યુ.એ માવઠાની આગાહી

## હવામાન ખાતાના રાજ્યના ખેડૂતો માટે માઠા સમાચાર : ઉત્તર ગુજરાતમાં કાતિલ ઠંડી પડશે, નલિયામાં કોલ્ડવેવ યથાવત રહેશે, રાજ્યના અનેક વિસ્તારો ઠંડાગાર બનશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં હાલ કાતિલ ઠંડીનું મોજું ચારેબાજુ ફરી વળ્યું છે, તેવા હવામાન વિભાગ દ્વારા ગુજરાતના ખેડૂતો માટે માઠા સમાચાર આપ્યા છે. નવા વર્ષે રાજ્યના વાતાવરણમાં મોટો પલટો આવવાની સંભાવના સેવવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના કારણે ખેડૂતો ચિંતાતૂર બની ગયા છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે ૨ અને ૩ જાન્યુઆરીએ વરસાદ સાથે કાતિલ ઠંડી પડશે. એટલે રાજ્યભરના લોકોને કૃદરતના બે પ્રકોપનો માર સહન કરવો પડશે. હવામાન વિભાગ દ્વારા જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં કાતિલ ઠંડીનું મોજું પણ રહેવાની આગાહી કરી છે. આગાહી પ્રમાણે વર્ષ ૨૦૨૧ની શરૂઆત કાતિલ ઠંડી અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ સાથે થશે આ સાથે નવા વર્ષની શરૂઆતમાં ઉત્તર ગુજરાતમાં કડકડતી ઠંડી પડશે અને નલિયામાં કોલ્ડવેવ યથાવત રહેશે. આ ઉપરાંત જૂનાગઢ, અમરેલી, રાજકોટ સહિતના વિસ્તારો ઠંડાગાર બની રહેશે. ઉત્તરાયણ સુધીમાં ઠંડીનો ચમકારો અને કમોસમી વરસાદ થવાની શકયતા છે.

હવામાનની આગાહી પ્રમાણે, ૩૧ ડિસેમ્બર સૌરાષ્ટ્રમાં પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, ગીર સોમનાથ, રાજકોટ અને કચ્છમાં કોલ્ડવેવની સ્થિતિ સર્જાશે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને ગાંધીનગરમાં કોલ્ડવેવની સ્થિતિ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તર ભારતમાં હિમવર્ષાને કારણે બર્ફીલા પવનો ફૂકાવાને લીધે ગોહિલવાડ ઠંડુગાર થઈ ગયું છે. ઠંડીનો પારો ગગડીને ૧૦.૯ ડિગ્રીએ અટક્યો છે. ૮ કિ.મી.ની ઝડપે સતત ઠંડા પવનો ફૂકાવાને લીધે રાત્રે કરફ્યુ જેવો માહોલ સર્જાયો છે. આ શિયાળાનું સૌથી

નીચુ તાપમાન આજે નોંધાયુ છે. હવામાન વિભાગ દ્વારા ડિસેમ્બર માસના છેલ્લા ચાર દિવસ એટલે કે ૨૮ થી ૩૧ ડિસેમ્બર સુધી ગુજરાત, સૌરાષ્ટ્રમાં ઠંડીનું કાતિલ મોજુ ફરી વળવાની આગાહી કરવામાં આવી હતી ચાલુ વર્ષે રાજ્યના અનેક શહેરોમાં ઠંડીનો રેકોર્ડ તૂટે તેવી શક્યતા રહેલી છે. સોમવારે ઠંડી ૧૧.૨ ડિગ્રી હતી. જેમાં સવા ડિગ્રી જેટલો છેલ્લા ૨૪ કલાકમાં ઘટાડો થયો હતો. ઠંડીનો પારો ૧૦.૯ ડિગ્રીએ ગગડીને અટકી ગયો હતો. આમ સોમવારની રાત્રિ સીઝનની સૌથી વધુ ઠંડી રાત સાબિત થઈ હતી.

### આગાહી અન્વયે ખેડૂતોએ શું કાળજી લેવી

- હાલમાં બીટી કપાસમાં પાક તૈયાર થયેલ હોય તૈયાર કપાસની વીણી તાત્કાલિક ધોરણે કરી લેવી અને કપાસ સલામત જગ્યાએ રાખવો
- ખેડૂતોએ પોતાનો ઉત્પાદિત થયેલો પાક જેવા કે કઠોળ શાકભાજી કે ખેત પેદાશ સલામત સ્થળે ગોડાઉનમાં રાખવો
- ઘાસચારો વિગેરે પણ ગોડાઉનમાં સલામત સ્થળે રાખવો અથવા તાડપત્રી ઢાંકીને રાખવો અને તાડપત્રી હાથવગી રાખવી
- વેચાણ અર્થે એપીએમસી અથવા ખરીદ કેન્દ્ર ખાતે વેચાણ અર્થે લઈ જવાતી ખેત જણસીઓ ઢાંકીને લઈ જવી અને હવામાન ખાતાની આગાહી હોય તેવા સમયે ખેત જણસી વેચાણ શક્ય હોય તો ટાળવું
- એપીએમસીમાં રહેલ ખેત જણસીઓ સલામત સ્થળે ગોડાઉનમાં રાખવા વેપારી મિત્રોને વિનંતી છે
- પશુઓ માટેના ઢાળિયા કે કાચા શેડ વ્યવસ્થિત રાખવા અને પવનમાં ઊડે નહીં તે જોવું
- શક્ય હોય તો બાગાયતી પાકો માં પણ કાળજી લેવી જેમ કે શાકભાજી વગેરે તૈયાર હોય તો તુરત ઉતારી લેવું
- ખેતી ઈનપુટ એટલે કે બિયારણ ખાતર વગેરેનો જથ્થો પણ સલામત સ્થળે સુરક્ષિત ગોડાઉનમાં પલડે નહીં તે મુજબ રાખવો
- ખેતરમાં કે ઘરની આજુબાજુ મોટા ઝાડ હોય તો તેની છટણી અવશ્ય કરવી જેથી જોખમ ટાળી શકાય
- ઉભા પાકમાં હાલ તુરંત નાઈટ્રોજનયુક્ત ખાતર એટલે કે યુરિયા ખાતર આપવાનું શક્ય હોય તો ટાળવું
- વરસાદ કે પવનની આગાહી ધ્યાને લેતા મોબાઈલ ફોન ટોર્ચ વગેરે ચાર્જ કરીને રાખવું અને સુરક્ષા માટે કે સલામતી માટેની તમામ વ્યવસ્થા રાખવી

### ક્યાં કેટલુ તાપમાન

| શહેર | તાપમાન |
|---|---|
| કેશોદ | ૭.૨ |
| ડીસા | ૭.૨ |
| ગાંધીનગર | ૮.૦ |
| નલીયા | ૯.૧ |
| કંડલા(એરપોર્ટ) | ૯.૧ |
| રાજકોટ | ૯.૨ |
| સુરેન્દ્રનગર | ૯.૩ |
| ભુજ | ૧૦.૦ |
| વડોદરા | ૧૦.૦ |
| અમરેલી | ૧૦.૨ |
| મહુવા | ૧૦.૩ |
| વલ્લભવિદ્યાનગર | ૧૦.૩ |
| અમદાવાદ | ૧૦.૭ |
| વેરાવળ | ૧૦.૯ |
| પોરબંદર | ૧૧.૦ |
| વલસાડ | ૧૧.૦ |
| ન્યુ કંડલા | ૧૧.૩ |
| ભાવનગર | ૧૧.૪ |
| સુરત | ૧૨.૨ |
| દિવ | ૧૨.૩ |
| દ્વારકા | ૧૪.૦ |
| ઓખા | ૧૬.૨ |

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

# સે-૩ સી માં ઉજ્જડ ઉદ્યાનને નવા રૂપરંગ આપવાનુ કામ હવે શરૂ કરાશે

## સે-૧૭ માં પણ બગીચાનુ કામ શરૂ કરાયુ : સેકટરોમાં કંગાળ ભાસતા બગીચાઓનુ તબક્કાવાર નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરના સેકટરોમાં દાયકાઓ જુના ઉદ્યાનો હાલ ઉજ્જડ જોવા મળી રહ્યા છે. સુવિધાઓના અભાવ વચ્ચે સર્જાયેલી દુવિધાઓમાં રાત્રિના અંધારપટ્ટમાં ઉદ્યાનોમાં છેલ્લા કેટલાક સમયથી દુષણો પાંગરી રહ્યા હોવાનો રોષ પણ સેકટરવાસીઓ વ્યકત કરી રહ્યા છે. ત્યારે આ બગીચાઓને નયનરમ્ય અને લોકઉપયોગી બનાવવા માટે કોર્પોરેશન દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે. ટુંકમાં સે-૩ સી ના બગીચાને નિખારવા માટે પણ કામ શરૂ કરી દેવાશે.

શહેરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનોને નવા રૂપરંગ આપવા માટે કોર્પોરેશન દ્વારા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સેકટરોમાં દાયકાઓ પુર્વે આ બગીચાઓનુ નિર્માણ કરાયુ હતુ પરંતુ જાળવણીના અભાવે ઉજ્જડ બનેલા બગીચાઓમાં સુવિધાના અભાવ વચ્ચે દુષણો પાંગરી રહ્યા છે. જેના લીધે સેકટરવાસીઓનુ મોં પણ વંકાયુ છે ત્યારે કોર્પોરેશન દ્વારા આ બગીચાઓને મરણ પથારીએથી બેઠા કરવા માટે નવતર કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. બગીચાઓમાં હરિયાળી નિખરે તે ઉપરાંત વોક વે અને બાળકો માટે રમતગમતના સાધનો અને લાઈટ પાણી સહીતની માળખાગત સુવિધાઓ પણ ઉભી કરવામાં આવે છે. બગીચાઓને આકર્ષક બનાવવા સહીત નવા રૂપરંગ સાથે વધુ નયનરમ્ય બનાવવા માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ યોજના અન્વયે સે-૭ અને સે-૮ માં પણ ઉદ્યોનોની રોનક નિખરી છે ત્યારે સે-૩ સી માં પણ બગીચાની હાલત હાલ અત્યંત કંગાળ છે. જેનુ કામ હાથ ધરવા માટે પણ સ્થાનિકો દ્વારા વારંવાર રજુઆત કરવામાં આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ હાલ સે-૧૭ માં બગીચાનુ કામ શરૂ કરી દેવાયુ છે. જયારે ટુંકમાં સે-૩ સી માં પણ બગીચાની કામગીરી આરંભી દેવાશે. સેકટરમાં નવા બગીચાનુ નિર્માણ કરવાની યોજના તૈયાર થઇ ગઇ છે. જેના લીધે સેકટરવાસીઓને ટુંક સમયમાં ઘર આંગણે હરિયાળા અને સુવિધાયુક્ત ઉદ્યાનમાં ટહેલવાની મજા મળશે તેવો હર્ષ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે.

# પલ્સ પોલિયો અભિયાન ૧૭મી જાન્યુઆરીએ યોજાશે

## તંત્ર દ્વારા અભિયાન અંગે સેવવામાં આવેલી ચૂપકીદી

ગાંધીનગર, તા. ૩૦

કોરોનાના પ્રહારો વચ્ચે આગામી ૧૭મી જાન્યુઆરીના રોજ યોજાનાર પલ્સ પોલિયો અભિયાન જાણે વિસરાઈ ગયુ છે.

૧૭મી જાન્યુઆરીએ પલ્સ પોલિયો અભિયાનનો પ્રથમ રાઉન્ડ યોજાશે. જો કે કોરોના વેક્સીનેશન માટેના ડ્રાય રન ટેસ્ટ સહિતની બાબતોમાં તંત્ર ગળાડુબ હોવાથી હજુ આ અંગેનું આયોજન કરવામાં આવ્યુ નથી.

૦ થી ૫ વર્ષની વયજૂથના બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે. જિલ્લામાં ગત વર્ષે નેવુ ટકા જેટલુ કવરેજ પ્રથમ દિવસે થયુ હતુ. જ્યારે છુટી ગયેલા બાળકોને બીજા અને ત્રીજા દિવસે ઘરે ઘરે તંત્રની ટીમોએ જઈ પોલિયો અભિયાનમાં આવરી લીધા હતા.

જિલ્લામાં આ વખતે પલ્સ પોલિયો અભિયાનને લઈ તબીબી અધિકારીઓની પણ એકેય બેઠક થઈ હોવાનું ધ્યાને આવ્યુ નથી. આ ઉપરાંત તંત્ર દ્વારા કેટલા બાળકોને આવરી લેવામાં આવશે તે વિશે પણ ગ્રામીણ વિસ્તાર સહિત કોઈજ જરૂરી સૂચનાઓ પણ અપાઈ નથી.

હાઈ રિસ્ક ઝોન અલગ તારવવા માટેની સૂચનાઓ અથવા આ અંગે સર્વે કરાયાનું પણ ધ્યાને આવ્યુ નથી. જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત ટાસ્ક ફોર્સની બેઠક પણ હવે યોજવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપ
ઇંડિયनऑयल Indian Oil
Sabarmati Gas Ltd. (A Joint Venture of GSPC and BPCL)
ક્વોલિટી અને ક્વોન્ટીટી એસ્યોર્ડ પેટ્રોલ પંપ
CNG
ધમાકેદાર ઓફર
લકી ડ્રોમાં આપ જીતી શકો છો દર અઠવાડિયે રૂ.૬૦૦/- સુધીનો CNG ફ્રી
Offer Period : 17 December To 28 February 2021
Narnarayan Petroleum, Sector-16, Gh-5, Near HDFC Bank

૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
કપચી-ગ્રીટ મેટલ



વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત
BIRLA TMT STEEL
પ્રીમીયમ બ્રાન્ડ
UltraTech CEMENT
The Engineer's Choice
હંમેશા એક કદમ આગે
Steel Tiger Award Winner
Build the Trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)
૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫
ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર

તાત્કાલિક જોઈએ છે
આકર્ષક પગારથી કોમ્પ્યુટર હાર્ડવેર - નેટવર્કીંગ તેમજ એકાઉન્ટના અનુભવી માણસો તાત્કાલિક જોઈએ છે.
(પી.એફ. તથા ઈન્સ્યુરન્સના લાભ સાથે)
જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૬
સંપર્ક કરો
મો. ૯૯૦૯૯૭૫૯૫૦
મો. ૯૮૭૯૨૦૮૭૮૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com